પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૨૭ | ૮ એપ્રિલ, ૨૦૧૭, શનિવાર ; ચૈત્ર સુદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# સિરિયા પર અમેરિકાના હવાઈ હુમલા

## ડઝનો મિસાઈલો ઝીંકી : કેમિકલ હુમલાના જવાબમાં અમેરિકા દ્વારા મોટી કાર્યવાહી : પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સત્તા સંભાળી લીધા બાદથી પ્રથમ મોટી લશ્કરી કાર્યવાહી કરવામાં આવી : સિરિયાના એરબેઝ ઉપર મિસાઈલ હુમલાથી ભારે નુકસાન



વોશિંગ્ટન,તા. ૭

સીરિયામાં કરવામાં આવેલા કેમિકલ હુમલા બાદ જવાબી કાર્યવાહી રૂપે અમેરિકાએ સીરિયામાં ક્રુઝ મિસાઈલથી હુમલા કર્યા છે. અમેરિકી યુદ્ધ વિમાનોએ ડઝન જેલી ક્રુઝ મિસાઈલ ઝીંકી હોવાના હેવાલ મળ્યા છે. આ સપ્તાહની શરૂઆતમાં સીરિયન સરકાર દ્વારા કરવામાં આવેલા હુમલામાં ૮૦થી વધારે લોકોના મોત થયા હતા. જેમાં બાળકોનો સમાવેશ થાય છે. અમેરિકી સેનાના અધિકારીએ માહિતી આપતા કહ્યુ છે કે ગુરૂવારે રાત્રે સીરિયાના એરબેઝ પર ડઝન ટોમહોક મિસાઈલો ઝિંકવામાં આવી હતી. આ પ્રથમ વખત છે જ્યારે વ્હાઈટ હાઉસ દ્વારા સીરિયન પ્રમુખ બશર અલ અસદની નજીકની સેના પર આ પ્રકારના હુમલા કર્યા છે. ડોનાલ્ડ ટ્રમ્પ અમેરિકાના પ્રમુખ બન્યા બાદથી આ પ્રથમ વખત મોટી લશ્કરી કાર્યવાહી

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

### પીએમ તરીકે મોદીએ ૫૬ વિદેશ યાત્રા કરી



સરકારે લોકસભામાં જણાવ્યું છે કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પ્રધાનમંત્રી બન્યા બાદ ૫૬ વિદેશયાત્રા કરી છે. પ્રધાનમંત્રી બન્યા બાદ તેમણે પહેલી વિદેશયાત્રા ભૂતાનની કરી હતી. આ સિવાય તેઓ ચાર વાર અમેરિકાની યાત્રા કરી ચૂક્યા છે.

### સેલ્ફીના ચક્કરમાં ભારતમાં થાય છે સૌથી વધુ મોત



સેલ્ફી લેવાની લ્હાયમાં ઘણા યુવાનોએ પોતાના જીવ ગુમાવ્યા છે. આ બાબતે ભારત સૌથી આગળ છે. માર્ચ ૨૦૧૪થી સપ્ટેમ્બર ૨૦૧૬ વચ્ચે ૭૬ વ્યક્તિઓનું મૃત્યુ સેલ્ફી લેતા થયુ હતુ. આ મામલે બીજા અને ત્રીજા ક્રમે પાકિસ્તાન અને અમેરિકા છે.

### તાજમહેલને હવે અડી નહી શકાય

વિશ્વની સાતમી અજાયબી તાજમહેલને પર્યટકો અડી શકશે નહી. આર્કિયોલોજીકલ સર્વે ઓફ ઈન્ડિયા દ્વારા તાજમહેલની દિવાલોની આજુબાજુ સ્ટીલના બેરિયર લગાવવામાં આવી રહ્યા છે.

### યુપી અપનાવશે ગુજરાત મોડલ

યુપીના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથ ખુબ ઝડપથી જુદા જુદા નિર્ણયો લઈ રહ્યા છે. યુપીને ૨૪ કલાક વીજળી, સરકારી યોજનાઓમાંથી સમાજવાદી શબ્દ દૂર કરવા અને એરપોર્ટના વિકાસનો નિર્ણય લઈ ચુક્યા છે. યુપીમાં ગુજરાત મોડલ અપનાવવા તેઓ ઝડપથી નિર્ણય લઈ રહ્યા છે.

## યુપીમાં તમામ યોજનાઓના નામ બદલવા યોગીનો હુકમ

### વિકાસની યોજનાઓમાં સમાજવાદી શબ્દ દુર : ૬૦ લાખ રેશનીંગ કાર્ડ જે અખિલેશ સરકારે પ્રિન્ટ કરાવ્યા હતા તે જારી નહીં કરવાનો પણ નિર્ણય

લખનૌ, તા.૭

ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે જુદી જુદી વિકાસ સાથે સંબંધિત યોજનાઓના નવા નામ માટેના આદેશ જારી કરી દીધા છે. આ યોજનાના નામ સમાજવાદી શબ્દને બદલે મુખ્યમંત્રી કરી દેવામાં આવ્યા છે. જે સ્કીમોમાં સમાજવાદી શબ્દનો ઉપયોગ થઈ રહ્યો હતો તેના નામ બદલી દેવામાં આવ્યા છે. કેબિનેટ સમક્ષ આ પ્રકારની સ્કીમો રજુ કરવામાં આવી હતી. ત્યારબાદ તેમાં સમીક્ષાની કામગીરી હાથ ધરાઈ હતી. ગુરૂવારે મોડી સાંજે સમીક્ષા

● અનુસંધાન પાન-૭ પર

## દિલ્હી વિમાની મથકે વિમાન સામ સામે ટકરાતા સહેજમાં જ બચી ગયા

### એર ઈન્ડિયા અને ઈન્ડીગોના વિમાન સામ સામે : એટીસી કોમ્યુનિકેશનની સક્રિયતાના લીધે મોટી દુર્ઘટના ટળી ગઈ : સમગ્ર મામલામાં તપાસ

નવી દિલ્હી,તા. ૭

દિલ્હીના ઈન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય વિમાની મથક પર આજે મોટી હોનારત ટળી ગઈ હતી. વિમાન આમને સામને આવી ગયા હતા પરંતુ બંને વિમાનો ટકરાતા સહેજમાં રહી ગયા હતા.એટીસી કોમ્યુનિકેશનના પરિણામ સ્વરૂપે દુર્ઘટના ટળી ગઈ હતી. સમગ્ર મામલામાં તપાસના આદેશ જારી કરી દેવામાં આવ્યા છે.

એમ માનવામાં આવે છે કે એર ઈન્ડિયા અને ઈન્ડીગોના વિમાન આમને સામને આવી ગયા હતા. બંને વિમાન એક જ રન વે ઉપર આવી ગયા હતા. બંને વચ્ચે સામ સામે ટક્કર થવાની આશંકા ઉભી થઈ ગઈ હતી. રાહતની બાબત એ રહી હતી કે સમય રહેતા જ એટીસીની સક્રિયતાના પરિણામ સ્વરૂપે મોટો બનાવ ટળી ગયો હતો. મામલાની તપાસ ચાલી રહી છે. એવી માહિતી એકત્રિત કરવાના પ્રયાસ પણ થઈ રહ્યા છે કે કોની ભુલના કારણે આ દુર્ઘટના થઈ શકી હોત.

## સોનિયા - રાહુલ ગાંધીની પુછપરછ કરવા તખ્તો તૈયાર

### હુડાની સામે એફઆઈઆર બાદ પુછપરછની તૈયારી કોંગ્રેસના અનેક નેતાઓ પર તવાઈ આવે તેવી સંભાવના

ચંદીગઢ,તા. ૭

હરિયાણાના પંચકુલામાં એસોસિએટેડ જર્નલ્સ લિમિટેડને જમીન ફાળવવાના મામલે સીબીઆઈ દ્વારા પૂર્વ મુખ્યપ્રધાન ભુપ્રદરસિંહ હુડાની સામે કેસ દાખલ કરવામાં આવ્યા બાદ આ આ મામલે તપાસ કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીની પણ થઈ શકે છે. બન્નેની પુછપરછ પણ કરવામાં આવી શકે છે. એમ માનવામાં આવે છે કે સીબીઆઈ આ સંબંધમાં કંપનીના અધિકારીઓની પુછપરછ કરવાની યોજના ધરાવે છે. જેમાં સોનિયા ગાંધીનો પણ સમાવેશ થાય છે. એજેએલ જ એ કંપની છે જે નેશનલ હેરાલ્ડ અખબાર ચલાવતી

● અનુસંધાન પાન-૭ પર

## શેખ હસીનાને રિસીવ કરવા મોદીનો કાફલો સામાન્ય ટ્રાફિકમાં જ દોડ્યો

નવી દિલ્હી,તા. ૭



બાંગ્લાદેશના વડાપ્રધાન શેખ હસીનાને લેવા માટે આજે દિલ્હી વિમાની મથક જવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો કાફલો લોક કલ્યાણ માર્ગથી દિલ્હી વિમાની મથક સુધી નોર્મલ ટ્રાફિકમાં પહોંચ્યો હતો. આ ગાળા દરમિયાન રૂટ ઉપર

● અનુસંધાન પાન-૭ પર

## કાશ્મીરમાં પુરનો ખતરો ટળ્યો

### અસરગ્રસ્ત વિસ્તારોમાં બચાવ અને રાહત કામગીરી જારી : ઝેલમ નદીમાં પાણીની સપાટીમાં ધીમી ગતિથી હવે ઘટાડો : શ્રીનગરમાં પણ સ્થિતિમાં આંશિક સુધાર

શ્રીનગર,તા. ૭

જમ્મુ કાશ્મીરમાં પુરનો ખતરો હવે ટળી ગયો છે. કારણ કે ઝેલમ અને અન્ય સહાયક નદીઓમાં હવે પાણીની સપાટી ઝડપથી ઘટી રહી છે. વરસાદ રોકાઈ ગયા બાદ બચાવ અને રાહત કામગીરી વધુ તીવ્ર બનાવી દેવામાં આવી છે. જોકે હજુ પણ મોટી સંખ્યામાં લોકો મુશ્કેલીમાં છે. બીજી બાજુ રોગચાળાનો ખતરો પણ દેખાઈ રહ્યો છે. જેથી તંત્ર દ્વારા ખૂબ જ ઝડપથી સાવચેતીના પગલાં લેવામાં આવી રહ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

REQUIRED
STOCK MARKET LEADER FOR NEW OFFICE
• Equity Dealer : 2 Post
• Front Office Asst. : 2 Post
• Office Boy : 2 Post
0 to 3 Yrs. Experince
Deserving candidate will get best salary package.
Walk with Full CV on Saturday & Sunday
Bestboy Financial Solution
F-13 & 14, Megh Malhar, Sec.-11, Opp. CNG Pump, Gandhinagar

॥ જય હાટકેશ ॥
ઘરનું શુદ્ધ શાકાહારી
ટીફીન સર્વિસ
સાત્વિક, સ્વાદિષ્ટ ઘરે બનાવેલું શાકાહારી, ગુજરાતી ભોજન
જાન્હવી ગૃહ ઉદ્યોગ
Call : 9924684206
9924684208
હોમ સર્વિસ ફ્રી
(ગાંધીનગર-કુડાસણ-સરગાસણ)

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

આયુર્વેદિક દવાઓ
આયુર્વેદિક નિદાન કેમ્પ
દર શનિવારે સાંજે ૫ થી ૮
તપાસ ફી ૧૦૦ રૂપિયા
Himalaya ZANDU VASU Dabur SANDU Charak Baidyanath
MM WellCARE
Manoj M. Trivedi | 98793 48048
Opp. Shree Bhuvneshwar Temple, Cheap Type Shopping Center, Sector-6/D, Gandhinagar. Ph. : 079 - 23241415

SSV CAMPUS
a new hope
સમર કેમ્પ 2017
ધોરણ: JR.KG થી 8 વિદ્યાર્થીઓ માટે
સમય: સવારે ૭:૩૦ થી ૧૨:૩૦
તા. 24-April-2017 થી 5- May -2017
Art & Craft, હેન્ડબોલ, વોલીબોલ, યોગ, કરાટે, ડાન્સ, બાસ્કેટબોલ, ડ્રોઈંગ, ફુલ રેકેટ, ક્રિકેટ, ટેબલ ટેનીસ, Imin Games
સમર કેમ્પ ફી ₹50
તમારૂ નામ નોંધાવવા સવારે ૯:૦૦ થી ૧૨:૦૦ દરમ્યાન શાળા કેમ્પસની રૂબરૂ મુલાકાત લેવી.
Address : Sector-3/B, Gandhinagar Phone : 079 232 63 232 / 76 22 01 11 01 www.facebook.com/SSV Campus